દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ

ગુરુવાર ૨૨ ઓક્ટોબર, ૨૦૨૬

# હિન્દ મહાસાગરમાં પાકિસ્તાન અને માલદિવ વચ્ચેના 20 કરારથી ભારત માટે ચિંતા

દક્ષિણ એશિયા અને હિંદ મહાસાગરના અત્યંત સંવેદનશીલ ભૌગોલિક-રાજકીય ક્ષેત્રમાં તાજેતરમાં જે ઘટનાઓ ઘટી રહી છે, તેણે સુરક્ષા નિષ્ણાતોની ઊંઘ ઉડાડી દીધી છે. માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝ્ઝુની ઇસ્લામાબાદની સત્તાવાર મુલાકાત અને તે દરમિયાન પાકિસ્તાન સાથે થયેલા ૨૦ જેટલા મહત્વપૂર્ણ કરારો માત્ર બે રાષ્ટ્રો વચ્ચેના સામાન્ય દ્વિપક્ષીય સંબંધો નથી, પરંતુ આ સમગ્ર પ્રદેશમાં એક નવા સૈન્ય અને રાજદ્વારી સમીકરણની શરૂઆત છે. ‘ઇન્ડિયા આઉટ’ જેવા ચીન-પ્રેરિત નારાઓ સાથે સત્તાના સર્વોચ્ચ શિખરે પહોંચેલા મુઇઝ્ઝુનું પાકિસ્તાન તરફ આ પ્રકારે વધુ પડતું ઢળવું અને પાકિસ્તાન દ્વારા માલદીવમાં પોતાના ખાસ રાજદૂત તરીકે એક નિવૃત્ત વાઇસ એડમિરલની નિમણૂક કરવી, તે ભારત માટે માત્ર ચિંતાનો નહીં પરંતુ ગહન મંથન અને સચેત થવાનો વિષય છે.

માલદીવના રાષ્ટ્રપતિ મોહમ્મદ મુઇઝ્ઝુ અને પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફની ઉપસ્થિતિમાં હસ્તાક્ષર પામેલા આ ૨૦ કરારોમાં સંરક્ષણ સહયોગ, દરિયાઇ સુરક્ષા (Maritime Security), સાયબર સુરક્ષા, ગુપ્તચર માહિતીનું આદાનપ્રદાન અને દ્વિપક્ષીય વેપારનો સમાવેશ થાય છે. બંને દેશોએ આગામી બે વર્ષમાં વેપારને ૨૦૦ મિલિયન ડોલર સુધી લઈ જવાનું લક્ષ્ય રાખ્યું છે, પરંતુ આર્થિક આંકડાઓ કરતાં આ કરારો પાછળ છુપાયેલો લશ્કરી અને વ્યૂહાત્મક એજન્ડા ભારત માટે અતિ સંવેદનશીલ છે. માલદીવ હિંદ મહાસાગરમાં એવા મહત્વપૂર્ણ દરિયાઈ વેપાર માર્ગ પર સ્થિત છે જ્યાંથી વિશ્વના મોટાભાગના તેલ અને વેપારી જહાજો પસાર થાય છે. આવા ભૌગોલિક રીતે મહત્ત્વના ટાપુ રાષ્ટ્ર સાથે પાકિસ્તાનનું લશ્કરી નિકટતા વધારવી એ માત્ર ભારતને ઘેરવાની કૂટનીતિનો એક ભાગ છે. આ સમગ્ર ઘટનાક્રમમાં સૌથી મોટો ખતરો કે ચેતવણીરૂપ સંકેત પાકિસ્તાન દ્વારા માલદીવમાં પોતાના નવા રાજદૂત તરીકે નિવૃત્ત વાઇસ એડમિરલ ફૈઝલ રસૂલ લોધીની નિમણૂક છે. સામાન્ય રીતે રાજદ્વારી પદો પર વિદેશ સેવાના કુશળ અધિકારીઓ કે રાજનીતિજ્ઞોની નિમણૂક થતી હોય છે, પરંતુ એક વરિષ્ઠ સૈન્ય કમાન્ડર અને નૌકાદળના નિષ્ણાતને માલદીવ જેવા ટાપુ દેશમાં મોકલવા પાછળ પાકિસ્તાનની ગહરી ચાલ છુપાયેલી છે. આ નિમણૂક સ્પષ્ટપણે દર્શાવે છે કે પાકિસ્તાન માત્ર કાગળ પરના રાજદ્વારી સંબંધો પૂરતું સીમિત રહેવા માંગતું નથી, પરંતુ જમીની સ્તરે અને દરિયાઈ ક્ષેત્રમાં પોતાની પકડ મજબૂત કરવા ઈચ્છે છે. ભારતીય નૌકાદળ માટે આ એક આંખ ઉઘાડનારી ઘટના છે, કારણ કે માલદીવની ધરતી પર પાકિસ્તાની સૈન્ય મનસૂબા ફળે તો તે ભારતની દરિયાઈ સીમાની સુરક્ષા સામે મોટો પડકાર બની શકે છે. ભારતે દાયકાઓથી માલદીવના ‘ફર્સ્ટ રિસ્પોન્ડર’ (સૌપ્રથમ મદદ કરનાર) તરીકેની ભૂમિકા ભજવી છે. કુદરતી આપત્તિઓ હોય, કોવિડ મહામારી હોય કે આર્થિક સંકટ, ભારતે હંમેશા માલદીવને પોતાના નાના ભાઈની જેમ સાથ આપ્યો છે. માલદીવની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર પ્રવાસન (Tourism) છે, અને તેના નાગરિકો માટે પણ ભારત સ્વાસ્થ્ય, શિક્ષણ અને વેપાર ક્ષેત્રે અનિવાર્ય ભાગીદાર રહ્યું છે. પરંતુ, રાજકારણ ક્યારેક ભૌગોલિક વાસ્તવિકતાઓ અને સદ્ભાવનાને નજરઅંદાજ કરી દે છે. વર્તમાન માલદીવ સરકાર ભારત વિરોધી વલણ અપનાવીને ચીન અને પાકિસ્તાન જેવા દેશોને પોતાના ખભા પર રાખીને ભારત પર દબાણ બનાવવાનો પ્રયાસ કરી રહી છે. જો પાકિસ્તાની સેના અને તેની ગુપ્તચર એજન્સીઓ (ISI) માલદીવની સુરક્ષા વ્યવસ્થા, પોલીસ તાલીમ કે ડ્રગ્સ વિરોધી અભિયાનના નામે ત્યાં પગપેસારો કરે છે, તો તે ભારતની દક્ષિણી સુરક્ષા કવચમાં ગાબડાં પાડવા સમાન સાબિત થશે.

આ કરારોમાં ડ્રગ હેરફેર અટકાવવા અને આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ સંબંધિત માહિતી શેર કરવાના મુદ્દાઓ પણ સામેલ છે. ઉપરી સ્તરે આ વાતો ખૂબ આધુનિક અને સુરક્ષાત્મક લાગે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓ આ આડશમાં ભારત વિરોધી ગતિવિધિઓનું કેન્દ્ર હિંદ મહાસાગરમાં સ્થાપિત કરવાનો પ્રયાસ કરી શકે છે. માલદીવની દરિયાઈ સીમાઓનો ઉપયોગ ભારતની સુરક્ષા વિરુદ્ધ જાસૂસી કે અન્ય ગેરકાયદેસર પ્રવૃત્તિઓ માટે થાય તેવી પૂરેપૂરી સંભાવના છે. આ સ્થિતિમાં પ્રશ્ન એ થાય છે કે ભારતે શું કરવું જોઇએ? શું ભારતે માત્ર નિવેદનો આપીને બેસી રહેવું જોઇએ કે પછી કોઈ નક્કર પગલાં ભરવા જોઇએ? ભારતીય વિદેશ મંત્રાલય અને સુરક્ષા એજન્સીઓ આ સમગ્ર ઘટનાક્રમ પર ચાંપતી નજર રાખી રહી છે. ભારત સારી રીતે જાણે છે કે માત્ર કાગળ પર થયેલા કરારોથી માલદીવ રાતોરાત ભારતની વિરુદ્ધ કોઈ મોટું જોખમી પગલું નહીં ભરી શકે, કારણ કે માલદીવની આર્થિક અને ભૌગોલિક મજબૂરીઓ સીધી ભારત સાથે જોડાયેલી છે.

ભારતે માલદીવની જનતા સાથેના સંબંધોને મજબૂત રાખવા પડશે. સરકાર બદલાય છે પણ જનતા સાથેના સંબંધો કાયમી હોય છે. માલદીવના સામાન્ય નાગરિકો સમજે છે કે ભારત તેમના માટે સૌથી વિશ્વસનીય મિત્ર છે. હિંદ મહાસાગરમાં ભારતીય નૌકાદળની તાકાત એટલી મજબૂત છે કે કોઈપણ બાહ્ય તાકાત ભારતની સુરક્ષાને નજરઅંદાજ ન કરી શકે. લક્ષદ્વીપ અને મિનિકોઈ ટાપુઓ પર ભારતે પોતાની સૈન્ય સજ્જતા વધુ તેજ કરવી જોઇએ જેથી કોઈપણ કટોકટીના સમયે તાત્કાલિક કાર્યવાહી થઈ શકે.

હિંદ મહાસાગરમાં બદલાતા આ સમીકરણો ભારત માટે એ ચેતવણી છે કે હવે પડોશી દેશોની રાજનીતિ માત્ર જમીની સરહદો પૂરતી સીમિત નથી રહી, પરંતુ સાગર કિનારાઓ પણ અશાંત થઈ રહ્યા છે. માલદીવ અને પાકિસ્તાનની આ વધતી નિકટતા ભલે અસ્થાયી હોય કે રણનીતિક દબાણ ઊભુ કરવા માટેની હોય, પરંતુ ભારતે દરેક પરિસ્થિતિનો સામનો કરવા માટે સજ્જ રહેવું પડશે. ‘સાપના મુખમાં હાથ નાખવા’ સમાન આ ખેલમાં માલદીવ ખુદ ક્યારે ફસાઈ જશે તેની તેને ખબર નથી, પરંતુ ભારતે પોતાની રાષ્ટ્રીય સુરક્ષા સાથે ક્યારેય સમાધાન ન કરતા, સાવચેતીપૂર્વક આગામી કૂટનીતિક પગલાં ભરવા પડશે તે નક્કી છે.

# નકલી ઘી અને પનીર તો સમજ્યા, હવે નકલી દવાઓ પણ!

## ઈકો-નોમિક્સ

**ડૉ.જયનારાયણ વ્યાસ**

આપણે બજારમાંથી ઘી ખરીદીએ છીએ, પનીર લઈએ છીએ અને દૂધ ઘરે લાવીએ છીએ ત્યારે એક જ આશા રાખીએ છીએ કે પરિવારને શુદ્ધ અને સારી વસ્તુ ખવડાવી શકીએ. પરંતુ જ્યારે ઘી, પનીર અને દૂધમાં ભેળસેળના સમાચાર આવે છે ત્યારે આપણા મનમાં સવાલ ઊભો થાય છે કે હવે ખાવાની વસ્તુઓ પર પણ વિશ્વાસ કેવી રીતે કરવો? હવે સુરતમાંથી સામે આવેલા એક કથિત કૌભાંડે આ ચિંતામાં વધુ એક ગંભીર પ્રશ્ન ઉમેર્યો છેઃ નકલી ઘી અને પનીર તો સમજ્યા, હવે નકલી દવાઓ પણ?

તાજેતરમાં સુરતમાંથી એક ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો. પોલીસના જણાવ્યા અનુસાર, એક મેડિકલ સ્ટોરના સંચાલકની ધરપકડ કરવામાં આવી હતી. આરોપ હતો કે પશુઓ માટે બનાવવામાં આવતા Himalaya Liv.52 Protec Liquid નામના ફીડ સપ્લિમેન્ટને મોટા કેનમાંથી કાઢીને નાની બોટલોમાં ભરવામાં આવતું હતું. ત્યારબાદ તેના પર માણસો, ખાસ કરીને બાળકો માટેનાં Liv.52 Drops જેવાં લેબલ લગાવીને વેચવામાં આવતું હતું. અહેવાલો અનુસાર, આ રીતે આશરે એક હજાર બોટલો વેચવામાં આવી હોવાની તપાસમાં વિગતો સામે આવી હતી. જોકે, પ્રવાહીની ચોક્કસ રચના શું હતી, તેના ઉપયોગથી કોઈને નુકસાન થયું હતું કે નહીં અને કેસમાં અંતિમ કાયદાકીય તારણ શું આવશે, તે તપાસ તથા પ્રયોગશાળાના અહેવાલો પર આધારિત છે.

આ ઘટનાની ગંભીરતા સમજવા માટે એક દૃશ્ય કલ્પના કરો. એક માતા પોતાના બાળક માટે મેડિકલ સ્ટોરમાંથી ટોનિક ખરીદે છે. બોટલ પર જાણીતા ઉત્પાદનનું નામ જોઈને તે વિશ્વાસથી બાળકને પીવડાવે છે. પરંતુ જો બોટલમાં રહેલું પ્રવાહી માણસો માટે બનાવવામાં આવ્યું જ ન હોય તો? માતાને કેવી રીતે ખબર પડે કે અંદર શું છે? આ જ કારણ છે કે આ કેસ માત્ર છેતરપિંડીનો નહીં, પરંતુ જાહેર આરોગ્ય અને લોકોના વિશ્વાસનો પણ છે.

કોઈ ઉત્પાદન કુદરતી ઘટકોમાંથી બનેલું હોય તો પણ તે દરેક વ્યક્તિ માટે સુરક્ષિત જ હોય એવું નથી. પશુઓ માટેના ઉત્પાદનની રચના, તેમાં રહેલા ઘટકો, તેમની માત્રા અને ગુણવત્તાના ધોરણો માનવ ઉપયોગ માટેની દવાથી અલગ હોઈ શકે છે. એટલે જ પશુઓ માટે બનાવેલા પ્રવાહીને માનવ ઉપયોગની દવા તરીકે વેચવું ગંભીર બાબત છે. આવી વસ્તુ પીવાથી ચોક્કસ નુકસાન થાય જ એવું તપાસ વિના કહી શકાય નહીં, પરંતુ તેની સાચી ઓળખ અને સલામતીની ખાતરી વિના માણસોને આપવું જોખમી બની શકે છે. સૌથી મોટો પ્રશ્ન એ છે કે ગ્રાહકને જે વસ્તુ આપવામાં આવે છે તેની સાચી માહિતી મળવી જોઈએ. જાણીતી કંપનીનું નામ અને સુંદર પેકિંગ જોઈને જ ઉત્પાદન અસલી હોવાનું માની લેવું પૂરતું નથી. છેલ્લાં કેટલાંક વર્ષોમાં દેશમાં નકલી અથવા હલકી ગુણવત્તાવાળા ખાદ્ય પદાર્થો અંગે વારંવાર દરોડા અને તપાસના સમાચાર સામે આવ્યા છે. સુરત સહિતના વિસ્તારોમાં પનીર અને અન્ય ખાદ્ય પદાર્થોના ઉત્પાદન તથા વેચાણ અંગે પણ કાર્યવાહી થઈ છે. પનીર જેવું દેખાતું ઉત્પાદન હંમેશાં દૂધમાંથી બનેલું અસલ પનીર હોય જ એવું નથી. તેવી જ રીતે, ઘીનું પેકિંગ અને લેબલ સાચાં દેખાતાં હોવા છતાં તેની શુદ્ધતાની ખાતરી માત્ર દેખાવ પરથી થઈ શકતી નથી. આ જ વાત દવાઓ માટે પણ લાગુ પડે છે.

પરંતુ ખોરાકમાં ભેળસેળ અને દવામાં છેતરપિંડી વચ્ચે એક મહત્ત્વનો તફાવત છે. દવા ખરીદનાર વ્યક્તિ ઘણી વખત બીમાર હોય છે અથવા પોતાના બાળકની સારવાર માટે કોઈ ઉત્પાદન ખરીદતી હોય છે. તે દવા પર વિશ્વાસ રાખે છે કે તેનાથી રાહત મળશે. જો દવા જ ખોટી હોય, તો સારવારમાં વિલંબ થઈ શકે છે અને આરોગ્યને જોખમ ઊભું થઈ શકે છે.

દવાઓની સલામતી જાળવવાની

> **જો બોટલમાં રહેલું પ્રવાહી માણસો માટે બનાવવામાં આવ્યું જ ન હોય તો? માતાને કેવી રીતે ખબર પડે કે અંદર શું છે? આ જ કારણ છે કે આ કેસ માત્ર છેતરપિંડીનો નહીં, પરંતુ જાહેર આરોગ્ય અને લોકોના વિશ્વાસનો પણ છે**

જવાબદારી માત્ર ગ્રાહકની નથી. દવા બનાવતી કંપનીએ ગુણવત્તા જાળવવી જોઈએ. વિતરકોએ અધિકૃત પુરવઠાની ખાતરી કરવી જોઈએ. મેડિકલ સ્ટોરે વિશ્વસનીય સપ્લાયર પાસેથી દવાઓ ખરીદવી જોઈએ. સરકારી દવા નિયંત્રણ વિભાગોએ નિયમિત તપાસ કરીને ગેરરીતિ સામે કાર્યવાહી કરવી જોઈએ. ભારતમાં Drugs and Cosmetics Act, 1940 હેઠળ નકલી દવાઓ અને ગેરકાયદે વેચાણ સામે કાર્યવાહી કરવાની જોગવાઈઓ છે. પરંતુ કાયદો હોવો પૂરતો નથી. સમયસર તપાસ, નમૂનાઓનું પ્રયોગશાળામાં પરીક્ષણ અને દોષિતો સામે યોગ્ય કાર્યવાહી પણ એટલી જ જરૂરી છે. સુરતના કિસ્સામાં તપાસ માત્ર એક દુકાન સુધી સીમિત ન રહેવી જોઈએ. પશુઓ માટેનું ઉત્પાદન ક્યાંથી આવ્યું, નકલી બોટલો કોણે તૈયાર કરી, તે ક્યાં ક્યાં વેચાઈ અને બીજા લોકોની સંડોવણી હતી કે નહીં, તે પણ તપાસવું જરૂરી છે.

સામાન્ય માણસે સાવચેતી રૂપે દવા ખરીદતી વખતે બોટલનું સીલ, લેબલ, બેચ નંબર, ઉત્પાદકની વિગતો અને સમાપ્તિ તારીખ તપાસવી જોઈએ. શક્ય હોય ત્યાં સુધી વિશ્વસનીય મેડિકલ સ્ટોરમાંથી દવા ખરીદવી અને બિલ લેવું જોઈએ. જોકે, અસલી દેખાતું પેકિંગ પણ દવાની પ્રામાણિકતાનો સંપૂર્ણ પુરાવો નથી. જો દવા શંકાસ્પદ લાગે તો તેનો ઉપયોગ અટકાવીને ડૉક્ટર, ઉત્પાદક અથવા દવા નિયંત્રણ અધિકારીની સલાહ લેવી જોઈએ. જો બાળકને આવી દવા આપવામાં આવી હોય તો તબીબી સલાહ લેવામાં વિલંબ ન કરવો.

નકલી ઘી અને પનીર આપણા ખોરાકની શુદ્ધતા સામે સવાલ ઊભા કરે છે, જ્યારે નકલી દવા આપણા આરોગ્ય અને વિશ્વાસ બંનેને જોખમમાં મૂકી શકે છે. સુરતની ઘટના અંગે હજુ તપાસ ચાલુ છે, પરંતુ તેનાથી ઊભો થતો સવાલ ગંભીર છેઃ દવા ખરીદતો સામાન્ય માણસ કેવી રીતે ખાતરી કરે કે તેને જે આપવામાં આવે છે તે ખરેખર એ જ દવા છે જેનું નામ બોટલ પર લખેલું છે?

સરકારે કડક દેખરેખ રાખવી જોઈએ, વેપારીઓએ પ્રામાણિકતા જાળવવી જોઈએ અને ગ્રાહકોને શંકાસ્પદ ઉત્પાદનો અંગે જાગૃત કરવા જોઈએ. કારણ કે દવામાં છેતરપિંડી થાય ત્યારે માણસના જીવનની સલામતી જ સવાલમાં આવી શકે છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

## પર્વત પર નાના દીવાની હાર



જાપાનના એક પર્વતીય ગામમાં દર શિયાળે એવું ગાઢ ધુમ્મસ છવાઇ જતું કે રસ્તાઓ દેખાતા નહીં અને મુસાફરો દિશા ભૂલી જતા.

ગામમાં એક વૃદ્ધ દીવા બનાવનાર રહેતો હતો.તે રોજ મહેનત કરી નાના નાના દીવા બનાવતો પણ કોઇ તેના નાના દીવા ખરીદતું નહિ.

એક દિવસ એક બાળક દુકાને આવ્યું. તેણે પોતાની બચત પેટી વૃદ્ધને આપી કહ્યું, ‘આટલા રૂપિયામાં કેટલા દીવા આપશો?’ વૃદ્ધે પૂછ્યું, ‘ તારે આ નાના નાના દીવાનું શું કામ છે?’ બાળકે કહ્યું, ‘આ ધુમ્મસવાળા રસ્તા પર મુકવા છે…’ વૃદ્ધ બોલ્યા, ‘આ દીવા તો બહુ નાના છે તે શું અંધારું દુર કરશે આટલી ધુમ્મસમાં તેનો પ્રકાશ બહુ દુર સુધી નહિ પહોંચે.’ નાના બાળકે કહ્યું, ‘આ પર્વતના રસ્તા પર જેટલા વળાંક આવે છે ત્યાં ત્યાં મારે એક એક દીવા મુકવા છે.જેથી બધા વટેમાર્ગુને ખબર પડે કે દરેક દીવા પાસે વળાંક છે એટલે તે જાળવીને ચાલે. ભલે આ નાના દીવા આખો રસ્તો ન પ્રકાશિત કરી શકે, મુસાફરને એક સાથે આખો રસ્તો આખો જોવાની જરૂર નથી. તેને આગળનું એક પગલું દેખાય એટલું પૂરતું છે.’ નાના બાળકની ઊંડી સમજ વાળી વાત સાંભળી વૃદ્ધ ખુશ થઇ ગયા અને બોલ્યા, ‘બેટા તારી વાત સાચી છે.આ નાના દીવા કોઇ લેતું નથી તને જોઇએ એટલા તું લઇ જા ચલ હું પણ તારી સાથે આવું આપને દરેક વળાંક પર દીવો મુકીએ.’ દીવા બનાવનાર વૃદ્ધ અને બાળકે સાથે મળી દરેક વળાંક પર દીવા મુક્યા… તે રાત્રે ધુમ્મસ ગાઢ થયું. એક મુસાફર રસ્તો ભૂલી ગયો. પણ તેને દૂરથી નાનકડા દીવાનો ઝાંખો પ્રકાશ દેખાયો. તે ત્યાં પહોંચ્યો થોડે આગળ તેને બીજા દીવાનો પ્રકાશ દેખાયો…. પછી ત્રીજા દીવાનો ….અને તે આખો રસ્તો સહેલાઈથી પાર કરી ગયો. તે દિવસ પછી ગામના લોકો રોજ દરેક વળાંકે નાના દીવા મુકવા લાગ્યા અને આ દીવાઓની હારને લીધે થોડા સમયમાં આ પર્વતનો રસ્તો મુસાફરો માટે સુરક્ષિત બની ગયો. કોઇની મદદ કરવા માટે મોટા બદલાવની જરૂર નથી. ક્યારેક આગળનું એક પગલું પ્રકાશિત કરવું પૂરતું છે.તમારી મદદ નાની છે એવું માનીને અટકતા નહિ. કોઇના અંધકારમાં તમારો નાનો પ્રકાશ પણ દિશા બની શકે છે.

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

# એ બાળકોના મૃત્યુનું સાચું કારણ બીમારી નથી

## ફીર દેખો યારોં

**બીરેન કોઠારી**

કોઈ બીમારીથી બાળકનું મૃત્યુ થાય ત્યારે નજર સહજ રીતે એ બીમારી તરફ જાય છે. પરંતુ એક જ વિસ્તારમાં એક પછી એક બાળકોનાં મોત થવા લાગે, ત્યારે બીમારી કઈ છે એનાથી આગળ વિચારવું પડે. મધ્ય પ્રદેશના બાલાઘાટ જિલ્લાના બૈગા આદિવાસી વિસ્તારમાં થયેલાં બાળકોનાં મૃત્યુની ઘટના આવો જ સવાલ ઊભો કરે છે. જૂનથી સપ્ટેમ્બર વચ્ચે અહીં ઓછામાં ઓછાં 31 બાળકોનાં મોત થયાં હોવાના અહેવાલ છે. મોટા ભાગનાં બાળકો બૈગા સમુદાયનાં અને બૈહર તથા બિરસા બ્લૉકનાં દૂરનાં ગામોમાં રહેતાં હતાં. શરૂઆતમાં મૃત્યુઆંકડો 25 જેટલો હતો, જે પછી વધ્યો.

આ 31 બાળકોનાં મોત માટે કોઈ એક જ બીમારીને સત્તાવાર રીતે જવાબદાર ઠેરવવામાં આવી નથી. કેન્દ્રની તપાસમાં ઓરી, મેલેરિયા, ઓરી-મેલેરિયાનો એકસાથે ચેપ, શ્વાસ લેવામાં તકલીફ, ડિહાઈડ્રેશન, કુપોષણ, એનિમિયા જેવી જુદી જુદી તબીબી પરિસ્થિતિઓ જણાવવામાં આવી છે. કેટલાક બાળકો હોસ્પિટલ પહોંચે એ પહેલાં જ મૃત્યુ પામ્યા હોવાથી તેમના કેસમાં તબીબી માહિતી પણ મર્યાદિત હતી.

બૈગા સમુદાયને ભારત સરકારે પી.વી.ટી.જી. (પર્ટિક્યુલરલી વલ્નરેબલ ટ્રાઈબલ ગ્રૂપ્સ) એટલે કે ‘અતિ નબળા આદિવાસી સમૂહ’માં મૂક્યો છે. બીમારીનો પ્રકાર અને સમુદાયની આવી ઓળખ પહેલી નજરે એવો અભિપ્રાય બાંધવા પ્રેરી શકે કે આ લોકો પછાત છે, તેમની પોતાની માન્યતાઓ છે, તેઓ રસી લેવામાં સંકોચ અનુભવે છે, સારવાર માટે તબીબી નહીં, પણ પરંપરાગત ઉપચાર તરફ વળે છે અને તેથી આવી દુર્ઘટનાઓ બને છે. પરંતુ વાત એટલી સરળ નથી.

આ વિસ્તારમાં ઓરી અને મેલેરિયા બંને ચિંતાનો વિષય છે. ઓરીથી બચવા રસી ઉપલબ્ધ છે, જ્યારે મેલેરિયાની સમયસર તપાસ અને સારવાર થઈ શકે છે. છતાં કોઈ બીમારી વધારે ઘાતક ત્યારે બની શકે, જ્યારે બાળક પહેલેથી જ કુપોષિત હોય, તેને એનિમિયા હોય, ડિહાઈડ્રેશન હોય અને સારવારસ્થળ સુધી પહોંચવામાં મોડું થાય. બાલાઘાટના કિસ્સામાં આ બધાં પરિબળો એકબીજા સાથે જોડાયેલા હોવાની શક્યતા તપાસવામાં આવી રહી છે.

આરોગ્ય વિભાગની તપાસમાં મોટી સંખ્યામાં બાળકોમાં કુપોષણ જોવા મળ્યું છે. કેન્દ્ર અને રાજ્યની ટીમોએ હજારો બાળકોની તપાસ કરી છે અને ગંભીર કુપોષણ

> **કોઈ બીમારી વધારે ઘાતક ત્યારે બની શકે, જ્યારે બાળક પહેલેથી જ કુપોષિત હોય, તેને એનિમિયા હોય, ડિહાઈડ્રેશન હોય અને સારવારસ્થળ સુધી પહોંચવામાં મોડું થાય**

ધરાવતા બાળકોને પોષણ પુનર્વસન કેન્દ્રોમાં દાખલ પણ કરવામાં આવ્યા છે. એટલે આ ઘટનાને માત્ર ચેપી રોગના પ્રકોપ તરીકે જોવાથી આખું ચિત્ર સમજાશે નહીં. આરોગ્યસેવા સુધી પહોંચવાનો સવાલ પણ એટલો જ મહત્ત્વનો છે.

બૈગા વિસ્તારોનાં કેટલાક ગામો ખૂબ દૂર અને જંગલ વિસ્તારમાં છે. રસ્તા અને વાહનની મુશ્કેલીને કારણે ગંભીર રીતે બીમાર બાળકને આરોગ્ય કેન્દ્ર સુધી પહોંચાડવામાં સમય લાગે છે. કેટલાક કિસ્સામાં બાળકો હોસ્પિટલ પહોંચે એ પહેલાં જ મૃત્યુ પામ્યાં હોવાની વાત તપાસમાં નોંધાઈ છે. એટલે ‘હોસ્પિટલ હતી કે નહીં?’ને બદલે ‘બાળકને સમયસર હોસ્પિટલ સુધી પહોંચાડવાની વ્યવસ્થા હતી કે નહીં?’ એ સવાલ વધુ અગત્યનો બને છે. રસીકરણનો મુદ્દો પણ છે. ઓરી સામેના રસીકરણમાં ખામી હોવાની વાત અહેવાલોમાં થઈ છે. રોગચાળો ફાટી નીકળ્યા પછી આરોગ્ય વિભાગે રસીકરણ અભિયાન વધાર્યું અને 1થી 10 વર્ષની ઉંમરનાં 14,600થી વધુ બાળકોને વધારાનો ઓરી-રૂબેલા રસીનો ડોઝ આપવામાં આવ્યો. આ આંકડો દર્શાવે છે કે રસીકરણ અહીં તપાસનો મહત્ત્વનો મુદ્દો છે. પરંતુ રસીકરણમાં ખામી હોય તેનો અર્થ માત્ર એટલો નથી કે લોકો ‘રસી લેતા નથી’. આરોગ્યસેવા ગામ સુધી કેટલી નિયમિત રીતે પહોંચે છે, લોકોને રસી અને બીમારી વિશે તેમની ભાષામાં કેટલી સમજ આપવામાં આવે છે અને આરોગ્ય વ્યવસ્થા પર તેમનો કેટલો વિશ્વાસ છે–આ સવાલો પણ પૂછવાના થાય છે. બૈગા લોકો ઓરીને ‘છોટી માતા’ કહે છે. કેટલાક પરિવારો પરંપરાગત ઉપચાર તરફ પણ વળે છે. પરંતુ એના આધારે સમગ્ર સમુદાયને આધુનિક સારવારનો વિરોધ કરતો ગણવો યોગ્ય નથી. કોઈ પણ સમુદાયની પરંપરાને સમસ્યાનું મૂળ કારણ માની લેતાં પહેલાં એ જોવું જરૂરી છે કે સરકારી આરોગ્યવ્યવસ્થા પોતે કેટલી પહોંચે છે. ખોરાકનો પ્રશ્ન પણ અહીં જોડાય છે. બૈગા લોકોના પરંપરાગત ખોરાકમાં કોડો અને કુટકી જેવાં અનાજનો ઉપયોગ થતો આવ્યો છે. ખોરાકમાં ફેરફાર થાય ત્યારે પોષણ પર તેની અસર પડી શકે છે. આ આખી ઘટના વચ્ચે પત્રકારો સાથે જે બન્યું તે પણ ધ્યાન ખેંચે છે. આ બાળકોનાં મૃત્યુની તપાસ કરવા બાલાઘાટ પહોંચેલા કેટલાક સ્વતંત્ર પત્રકારોએ તેમનો પીછો કરવામાં આવતો હોવાનો, સાદાં કપડાંમાં રહેલા લોકો દ્વારા તેમની હિલચાલ પર નજર રાખવામાં આવતી હોવાનો અને તેમની પૂછપરછ કરવામાં આવી હોવાનો આક્ષેપ કર્યો. કેટલાક પત્રકારોએ જણાવ્યું કે તેમને હોટેલ છોડીને ચાલ્યા જવાનું દબાણ કરવામાં આવ્યું અને આખરે તેમને બાલાઘાટ છોડવું પડ્યું. દરમિયાન જિલ્લા પ્રશાસને હોસ્પિટલોમાં ફોટોગ્રાફી પર પ્રતિબંધ મૂકતો આદેશ પણ બહાર પાડ્યો હતો. થોડા કલાકોમાં આ આદેશ પાછો ખેંચી લેવામાં આવ્યો. જિલ્લા કલેક્ટરે કહ્યું હતું કે આદેશ ઉતાવળમાં બહાર પડ્યો હતો અને તેનો હેતુ મીડિયા કવરેજ રોકવાનો નહોતો, પરંતુ હોસ્પિટલોમાં વિરોધ-પ્રદર્શન રોકવાનો હતો.

આનો અર્થ એ પણ ખરો કે સરકાર નથી ઈચ્છતી કે આ બાબતની બહારના લોકોને જાણ થાય. સરકારે આરોગ્યવ્યવસ્થા મજબૂત કરવા નવા તબીબી અધિકારીઓની નિમણૂક, નવા આરોગ્ય કેન્દ્રો અને મોબાઈલ મેડિકલ યુનિટ જેવી વ્યવસ્થાઓ કરવાની જાહેરાત પણ કરી છે.

બૈગા લોકોની પરંપરાઓને દોષ આપીને સરકાર પોતાની જવાબદારીમાંથી છટકી શકે નહીં. રસીકરણ, પોષણ, સમયસર સારવાર અને દૂરનાં ગામો સુધી આરોગ્યસેવા પહોંચાડવાની જવાબદારી સરકારની છે. કેમ કે, સવાલ માત્ર બાળકોને કયો રોગ થયો એનો નથી; સવાલ એ પણ છે કે તેમને સમયસર સારવાર કેમ ન મળી.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

## “શું પોક્સનો ડર ખતમ?”

પોક્સો (POCSO)ના કાયદા હેઠળ કોઈ પણ નરાધમ બાકાત નથી. સગીરાની સંમતિ હોય તો પણ દોષિત ઈસમને પોક્સોના કાયદાનો સામનો કરવો પડે છે. દિનપ્રતિદિન પોક્સોના ગુનાઓમાં વધારો થઈ રહ્યો છે. કેન્દ્ર સરકાર દ્વારા નવેમ્બર 2012માં Protection of Children from Sexual Offences Act (POCSO) સમગ્ર દેશમાં અમલમાં આવ્યો. તેમ છતાં બાળપણની કિલકારીઓ જ્યાં નિર્ભયતાથી ગૂંજવી જોઈએ, ત્યાં જો શોષણની ચીસો સંભળાય તો કાયદાની કડકાઈ સાથે સમાજની જાગૃતિની પણ કસોટી થાય છે. કાગળ પરના કડક કાયદા કે આજીવન કેદ જેવી આકરી સજાઓ પણ નિર્દોષ બાળપણને સુરક્ષિત કરી શકી નથી. સમય કલમો વધારવાનો નથી, પરંતુ કાયદાના કડક અમલ અને સમાજની ઊંઘતી સંવેદનાને ઝંઝોળવાનો છે. અદાલતોના કડક ચુકાદાઓ વચ્ચે ગાંધીજયંતીના અવસરે સુરતમાં શરૂ થયેલું ‘નન્હી કિલકારી’ અભિયાન સ્પષ્ટ દર્શાવે છે કે માસૂમ બાળપણને બચાવવા માત્ર કાયદાનો દંડો કાફી નથી, પરંતુ સમાજની જાગૃતિ પણ એટલી જ જરૂરી છે. ‘જાગ્યા ત્યાંથી સવાર’ એ ઉક્તિને સાર્થક કરવા હવે વાલીઓ, શિક્ષકો અને સમાજે ‘આંખ આડા કાન’ કરવાને બદલે સગીરાઓ માટે સુરક્ષા કવચ બનવું પડશે. તો જ બાળપણ સુરક્ષિત રહેશે અને દેશના ભવિષ્યમાં દિવાળીનો રંગ જામશે.

**સુરત - યુનુસ આર. શેખ.**

## શરદ ઋતુમાં આહારનું મહત્વ

ચોમાસા અને શિયાળાની વચ્ચેની ઋતુ એટલે શરદ ઋતુ. શરદ ઋતુ ભાદરવો અને આસો મહિનામાં આવે છે. શરદ ઋતુમાં પિત્તનો પ્રકોપ વધી જાય છે. આ ઋતુમાં રક્ત ઉષ્ણતાયુક્ત હોય છે. પરિણામે શરીરમાં રક્તવિકારો થાય છે. પિત્ત થાય એવા ખારા, તીખા પદાર્થો, દહીં અને વધુ પડતા તેલ-મસાલાવાળા આહારનો ત્યાગ કરવાનો હોય છે. શરદ ઋતુમાં શ્રાદ્ધ પક્ષ, શા દીય નવરાત્રિ અને શરદ પૂર્ણિમા જેવા તહેવારોનું મહત્ત્વ છે. શ્રાદ્ધની ખીર, દૂધપાક હોય કે નવરાત્રિની ચાંદની રાતો કે પછી શરદપૂનમનાં દૂધ-પૌંઆ હોય બધી જ ધાર્મિક પરંપરાઓ કે આપણી સંસ્કૃતિમાં ઉજવાતા કોઈ પણ તહેવારો ઋતુ અનુસાર વૈજ્ઞાનિક ઢબે ગોઠવવામાં આવ્યા છે અને ઉત્સવ સ્વરૂપે આપણી રોજિંદી જિંદગીમાં વણી લેવામાં આવ્યા છે. રોજબરોજના ખોરાકમાં મધુર કે કડવા રસયુક્ત, સ્વભાવે ઠંડા અને પચવામાં વધુ ભારે ન હોય એવા પદાર્થોનો ઉપયોગ કરવો જોઈએ. અને રાત્રે ચંદ્રની શીતળ ચાંદનીનું સેવન કરવું જોઈએ. દૂધ મધુર, ગુણમાં ઠંડું, સુપાચ્ય અને પૌષ્ટિક આહાર છે. સુરતમાં શરદ પૂર્ણિમાના બીજા દિવસે ચંદની પડવાની ઉજવણી એનો એક ભાગ છે. ચંદની પડવાના નિમિત્તે સુરતીઓ ઘારી આરોગે છે. સુરતમાં ઘારી માત્ર ચંદની પડવાના દિવસે જ ખવાય છે. શરદ ઋતુમાં આહાર-વિહારનું ખાસ ધ્યાન રાખવું જોઈએ. એટલે જ કહેવાય છે કે જેણે શરદ ઋતુ હેમખેમ પસાર કરી હોય!

**સુરત - કિરીટ મેઘાવાલા**

## ૨૦૩૬ના ઓલિમ્પિક્સ માટે પાયો મજબૂત બનાવો!

કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦, જ્યારે ઓલિમ્પિક્સ ૨૦૩૬માં ભારત યજમાની મેળવવા આતુર છે. ગૌરવની વાત છે, પણ એ પહેલાં આપણા રમતગમત પ્રત્યે આત્મમંથન જરૂરી છે. કેટલીક ચિંતાજનક બાબતો એ છે કે ભારતે એશિયન ગેમ્સમાં ઘણા મેડલ મેળવ્યા હોવા છતાં ઍથ્લેટિક્સ, શૂટિંગ, સ્વિમિંગ, જિમ્નાસ્ટિક્સ, સાયકલિંગ જેવી મહત્ત્વપૂર્ણ રમતોમાં ઘણું અંતર કાપવાનું બાકી છે. ચીન જેવા દેશો આપણાથી ઘણા આગળ છે. મહિલાઓની બાબતમાં તાલીમમાં પણ મજબૂત થવાની જરૂર છે. જોકે મીરાબાઈ ચાનુ, નેરુ, પ્રણવી, કુમકુમ, આ બધી બહેનો આશાનું કિરણ છે. મહિલાઓ મજબૂત પ્રદર્શન ત્યારે જ કરશે, જ્યારે તેમની પ્રતિભાને બાળપણથી જ વૈજ્ઞાનિક તાલીમ, ઉત્તમ કોચિંગ, પોષણ, રમતગમત વિજ્ઞાન અને આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધાઓ આપવામાં આવે. ખેલો ઈન્ડિયા જેવી યોજનાઓનો અસરકારક અને પારદર્શક અમલ થાય તો દેશના ખૂણે-ખૂણેથી ચેમ્પિયન તૈયાર થઈ શકે. માત્ર ભવ્ય સ્ટેડિયમ ઊભાં કરવાથી ઓલિમ્પિક્સમાં જીત મેળવી શકાતી નથી. ચેમ્પિયન બનવા માટે યોગ્ય વ્યવસ્થા ઊભી કરવી પડે છે. અત્યારે ભારતે ઓલિમ્પિક્સ યોજવાનું સપનું ન જોવું જોઈએ, પરંતુ પહેલાં ઓલિમ્પિક્સ જીતવા સક્ષમ દેશ બનવાનું લક્ષ્ય રાખવું જોઈએ. રમતગમતનું ધોરણ ઘણું ઊંચું કર્યા પછી જ યજમાની તરફ આગળ વધીએ તો ૨૦૩૬ના ઓલિમ્પિક્સ ભારત માટે માત્ર ઉત્સવ નહીં, પરંતુ વિશ્વ સમક્ષ આપણી ઉત્તમ રમતગમતની શક્તિનું આદર્શ પ્રદર્શન બની શકે.

**સુરત - યોગેન્દ્ર પટેલ**

## દેશના બંધારણને સમાજે કેવી રીતે ઘડવું?

સામાજિક પરંપરાઓ દેશમાં સદીઓથી ચાલી આવેલ છે. પહેલાના જમાનામાં પરા પંચો, કેટલાક રાજ્યોમાં ખામ પંચાયતો નિર્ણય લેતી હતી. છેલ્લા કેટલાક સમયથી અખબાર તેમજ સોશ્યલ મીડિયામાં વાયરલ થયેલા સમાચાર મુજબ દરેક સમાજ પોતાનું બંધારણ, નીતિ નિયમો ઘડે એ સારી જ બાબત છે. પરંતુ ડૉ.બાબાસાહેબ આંબેડકર એ ઘડેલા બંધારણ વાંચતા જણાય કે બંધારણના જુદા જુદા આર્ટિકલ મુજબ સામાન્ય માનવી, મહિલાઓ, કામદારો, ગરીબ અને દરેક પ્રકારના વર્ગ ને તેમના હક અને અધિકાર આપેલા છે. તાજેતરમાં અખબારમાં પ્રસિદ્ધ થયેલા સમાચાર મુજબ કોઈ સમાજ એ બંધારણ રચ્યું તેમાં નક્કી કર્યા મુજબ જમીન વેચાણ કરવામાં આવે તો દીકરીઓને ભાગ ન આપવો, આ બાબત સરકારશ્રીના કાયદા અને બંધારણની વિરુદ્ધ છે. આવા તો બીજા પણ અનેક સુધારાઓ સૂચવ્યા છે. ટૂંકમાં કહીએ તો સમાજના બંધારણને કોઈ કાયદાકીય પીઠબળ પ્રાપ્ત થતું નથી જ્યારે દેશના બંધારણને કાયદાકીય પીઠબળ મળે છે. કોઈપણ વ્યક્તિ ગુન્હો કરે, અત્યાચાર કરે, કાયદાનો ભંગ કરે તો દેશના બંધારણ થકી ઘડેલ કાયદા મુજબ પગલા લેવામાં આવે છે. સમાજનું બંધારણ આંતરિક સગવડ માટે છે. દરેક નાગરિક દેશના બંધારણને વફાદાર હોવો જોઈએ એ જરૂરી છે.

**સુરત - ચન્દ્રકાન્ત રાણા**

## લોકશાહી કે VIP સંસ્કૃતિનું શાસન?

લોકશાહી એટલે ‘જનતાનું, જનતા દ્વારા અને જનતા માટેનું શાસન.’ પરંતુ આજના ભારતમાં નેતાઓની VIP સંસ્કૃતિ જોઈને લાગે છે કે લોકશાહી પ્રજાની હાલાકીનું શાસન બની ગઈ છે. નેતા કે VIPના આગમન વખતે રસ્તાઓ બંધ થતાં એમ્બ્યુલન્સ, વિદ્યાર્થીઓ અને નોકરિયાતોએ મુશ્કેલી સહન કરવી પડે છે. સવાલ એ છે કે નેતાઓ પ્રજાના સેવક છે કે રાજા-મહારાજા? પ્રજાના મતથી ચૂંટાયેલા નેતાઓને પ્રજાની વચ્ચે જવાનો ડર શા માટે? સુરક્ષા જરૂરી છે, પરંતુ તેના નામે સામાન્ય નાગરિકોને મુશ્કેલીમાં મૂકવા યોગ્ય નથી. નેતાઓની સુરક્ષા પાછળ ખર્ચાતા કરદાતાઓના નાણાંનો વિવેકપૂર્ણ ઉપયોગ થવો જોઈએ. પ્રામાણિકતાથી આખી જિંદગી નોકરી કરનાર કર્મચારીઓ પેન્શન અને સુવિધાઓ માટે સંઘર્ષ કરે છે, જ્યારે નેતાઓને મળતી વિશેષ સુવિધાઓ ચર્ચાનો વિષય બને છે. રાજકારણ સેવા માટે છે, વ્યક્તિગત લાભ માટે નહીં. નેતાઓના પગાર, પેન્શન અને સુવિધાઓ અંગે પારદર્શિતા હોવી જોઈએ. ગંભીર આરોપોનો સામનો કરતા નેતાઓના કેસોનો ઝડપી અને નિષ્પક્ષ નિકાલ થવો જોઈએ. પોલીસ અને ન્યાયતંત્ર રાજકીય દબાણથી મુક્ત રહીને બંધારણ મુજબ કાર્ય કરે એ જરૂરી છે. હવે સમય આવી ગયો છે કે VIP સંસ્કૃતિ પર નિયંત્રણ આવે. પ્રજાને મુશ્કેલીમાં મૂકનાર નેતા સાચો સેવક બની શકે નહીં. લોકશાહીની ગરિમા ત્યારે જ જળવાશે, જ્યારે સત્તા કરતાં પ્રજાના હિતને પ્રાથમિકતા મળશે.

**ભરૂચ - રાજ હેતલસિંહ**